બી.એડ.પ્રવેશ માર્ગદર્શિકા

# NOBLE UNIVERSITY

## SHREE VIVEKBHARTI TRUST B.ED. COLLEGE

## B.Ed. ADMISSION COMMITTEE

| ADMISSION COMMEETEE | | | |
|---|---|---|---|
| No. | Name | Designation | Contact no. |
| 1 | Dr. Darshana C.Bosmiya | Chair person | 8154823076 |
| 2 | Prof. zarana R. Purohit | Member | 9879141419 |
| 3 | Dr. Ramesh M .Boricha | Member | 9723702925 |

# શિક્ષક પ્રતિજ્ઞા

હું ભારતનો શિક્ષક છું.

બધા વિદ્યાર્થીઓ મારા ભાઈ-બહેન છે.

હું મારા શિક્ષકના વ્યવસાયને ચાહું છું.

તેમના માનવીય અને સાંસ્કૃતિક વરસાનો મને ગર્વ છે.

હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારા વિદ્યાર્થીઓ, અને તેમના માતા-પિતા તેમજ શિક્ષકધર્મ પ્રત્યે


આદર રાખીશ, અને દરેક વિદ્યાર્થી સાથે સહૃદયતાથી વર્તીશ.

હું મારા વ્યવસાયનો વાંચન,મનન અને ચિંતન દ્વારા ઊંડાણ અને

વિસ્તાર કરીશ, તેવી નિષ્ઠા આપું છું.

મારા શિષ્યના કલ્યાણ અને પ્રગતિમાં જ મારું સુખ રહ્યું છે.

## શુભેચ્છા સંદેશ



ડો. એચ.એન.ખેર
પ્રોવોસ્ટ,
નોબલ યુનિવર્સિટી,
જુનાગઢ.

**ભાવી શિક્ષકો,**

શિક્ષક "**शिक्षक कभी साधारन नही होता , प्रलय और निर्माण उनकी गोद में पलते है|**"

ચાણક્યનું આ વાક્ય શિક્ષકની જવાબદારી અને તેના શિક્ષકત્વની તાકાતને સાબિત કરે છે. ગિરનારની સત ભૂમિના એક ખૂણે પાંગરેલું નોબલ યુનિવર્સિટી નામનું શિક્ષણધામ કે જેમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો પૈકી બે વર્ષીય બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક તાલીમાર્થીઓને હું હાર્દિક આવકારું છું. ભારતના ભાવિના ઘડવૈયા તરીકે એક ઉતમ અને આદર્શ શિક્ષક બનવાના સ્વપ્નાઓ સિદ્ધ કરવા આપ સૌ આતુર છો ત્યારે નોબલ યુનિવર્સિટીમાં આપ સર્વેનું સહર્ષ સ્વાગત છે.ખૂબ ખૂબ શુભેચ્છાઓ......

## શુભેચ્છા સંદેશ



ડો. જય તલાટી
I/C રજીસ્ટ્રાર,
નોબલ યુનિવર્સિટી,
જૂનાગઢ.

નોબલ યુનિવર્સિટીના શિક્ષણશાસ્ત્રના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી, શિક્ષણ વિદ્યાશાખામાં કારકિર્દી ઘડવાની આશા સાથે બી.એડ.અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર તમામ તાલીમાર્થીઓનું નોબલ યુનિવર્સિટીમાં હર્ષભેર સ્વાગત કરું છું. શિક્ષક ગુણવતા સભર હશે તો સમાજ પણ શક્તિમાન બનશે. જ્ઞાન યુગમાં આપ સૌ પોતાની સઘન કામગીરી કરવા સતર્ક છો, અને નાગરિક ઘડતર સાથે સમાજ ઘડતરમાં પણ ફાળો આપી ભારતનું ભવ્ય ભવિષ્યનું નિર્માણ કરો તેવી શુભકામના પાઠવું છું.



**પ્રધાનાચાર્યા,**

**શ્રી વિવેકભારતી ટ્રસ્ટ બી.એડ. કોલેજ,**

**જૂનાગઢ**

પ્રધાનાચાર્ય

## શુભેચ્છા સંદેશ:

"શ્રધ્ધા ટકી રહી છે બસ એ જ કારણે, એક સ્વર્ગ જેવું છે તારા આંગણે "

પ્રકૃતિના ખોળે બેસી ચારિત્ર્ય અને ખરીકેળવણીના પાયાના હેતુને સિદ્ધ કરવાનાં દ્રષ્ટિકોણ સાથે સતત ચિંતનશીલ અને વ્યક્તિત્વનિર્માણની નેમ લઈને ચાલતી, ઉમદા ઉત્તરદાયિત્વને નિભાવતી, અમારી સંસ્થા શ્રી વિવેકભારતી ટ્રસ્ટ બી.એડ. કોલેજમાં સુનાગરિક ઘડતરના નિર્માણમાં જોડવા ઈચ્છતા સર્વે તાલીમાર્થીઓનું તેમજ શિક્ષણના શારશ્વતોનું અમારી માનસરોવરરૂપી જ્ઞાનસરોવર સંસ્થામાં આપનું હાર્દિક સ્વાગત કરું છું...

**"ન ધરા સુધી ન ગગન સુધી, અમારે તો પહોચવું છે બસ બાળકોના મન સુધી"**

બી.એડ. એ શાળા શિક્ષણની સિદ્ધીનો હેતુસરનો કાર્યક્રમ છે. વળી એક ઉમદા વ્યવસાય અને સરકારી નોકરી મેળવવાનો સરળ માર્ગ પણ છે. અહી બાળકોના મન સુધી પહોચી **"માણસના લક્ષણો ને બદલે એનું નામ જ શિક્ષણ"** એ સૂક્તિ ને સાર્થક કરવા બાળનિર્માણનાં વ્યવસાયમાં જોડાંવા ઈચ્છતા પ્રશિક્ષણાર્થી આ વ્યવસાયમાં જોડાવા બદલ હાર્દિક અભિનંદન....

અમારી સંસ્થા.. શ્રી વિવેક ભારતી ટ્રસ્ટ બી.એડ. કોલેજમાં બી.એડ.ની ઉત્તમ વ્યવસાયિક તાલીમ , તાલીમાર્થીઓમાં જ્ઞાન વિસ્તાર અને ભાવનાઓનું ઊંડાણ લાવવા મથતા, યુ,જી.સી. માન્ય અને પી.એચડી. ડીગ્રી ધરાવતા અધ્યાપકો, પ્રવર્તમાન ટેકનીકલ યુગનું શ્રેષ્ઠ ભૌતિક માળખું , ઉમદા શિક્ષણ ટીમ , કેળવણી અર્થે મન, વચન કર્મથી જોડાયેલ અમારા ટ્રસ્ટીશ્રીઓના માર્ગદર્શનથી ચાલતી વ્યવસાયિક કોર્ષને સમ્પૂર્ણ ન્યાય આપતી આ સંસ્થામાં તાલીમ મેળવી ખરી કેળવણીને સાર્થક કરવા મથતા અને ખુંદતા ગર્વે ગુરુ પ્રતિમાના રૂપક બનવા આપને શુભેચ્છાઓ....

આવો.. બાળનિર્માણના યજ્ઞમાં તપીને પાકીમાટીના આદર્શ શિક્ષક બનવાની અનેરી તાલીમનો અને અમારી સંસ્થાનો નોબલ પરિવારનો અતૂટ હિસ્સો બનવા ........

**બી.એડ. પ્રવેશ સમિતિ ચેરમેન**

બોસમીયા દર્શનાં સી.

## અભિયોગ્યતા કસોટીનું માળખું

| | |
|---|---|
| 1 | તાર્કિક પ્રશ્નો |
| 2 | શિક્ષક અભિયોગ્યતા અને અભિરુચિના પ્રશ્નો |
| 3 | સામાન્ય જ્ઞાનના પ્રશ્નો |

## બી. એડ. પ્રવેશના નિયમો અને પ્રવેશાર્થીને સૂચનો

| અનામત જૂથ | અનામત પ્રવેશ અંગેની ટકાવારી | વિગત |
|---|---|---|
| SC | (7%) | |
| ST | (15%) | |
| SEBC | (27%) | |
| EWS | (10%) | આર્થિક રીતે નબળા વર્ગના લોકોમાટે અનામત |

1. અનામત જૂથોની પ્રવેશની ટકાવારીનું ધોરણ સરકારશ્રીના નિયમો મુજબ ઉપર પ્રમાણે છે.
2. કોઈપણ વિષયની યુ.જી..ની પરીક્ષા અથવા પી.જી. પરિક્ષા પાસ કરેલ હોય તેવા વિધાર્થીઓ પ્રવેશ આપવા પાત્ર ગણાશે.
3. NCTE નિયમ પ્રમાણે SC, ST અને SEBC કેટેગરી સિવાયના વિદ્યાર્થીઓ સ્નાતક કક્ષાએ અથવા તે જ વિષયના અનુસ્નાતક કક્ષાએ લઘુતમ 50% ગુણ ધરાવતા હશે તો જ પ્રવેશ પાત્ર થશે. (અનામત કેટેગરીવાળા વિદ્યાર્થીઓને રાજ્ય સરકારશ્રીના નોર્મ્સ મુજબ 5% છૂટ મળવા પાત્ર રહેશે. તે માટે તેમને પ્રવેશ સમયે તેના પુરાવા રજૂ કરવાના રહેશે.)
4. જો સ્નાતક કક્ષાએ જરૂરી 50% અથવા અનામત કેટેગરી માટે 45% પૂર્તતા થતી ન હોય તો અનુ સ્નાતક કક્ષાએ 50% અથવા અનામત કેટેગરીના વિદ્યાર્થીઓ માટે અને અનુસ્નાતક કક્ષાએ 45% જરૂરી ગણાશે., જો તે અનુસાર પૂર્તતા નહિ થતી હોય તો અરજી પત્રક રદ ગણાશે.
5. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું તેમજ ઉન્નત વર્ગની વ્યક્તિ જૂથમાં સમાવેશ થતો નથી તે અંગે સક્ષમ અધિકારી દ્વારા પ્રમાણિત થયેલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. અનામત કેટેગરી માટે જે તે કેટેગરીના પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે
6. બહારની યુનિવર્સિટીના ઉમેદવારોએ પ્રવેશ મળ્યે નોબલ યુનિવર્સિટી જૂનાગઢમાં પ્રોવિઝનલ એલિજિબિલીટી સર્ટીફીકેટ રજૂ કરવાનું રહેશે.
7. જે વિદ્યાર્થીઓનું સ્નાતકનું ઓનલાઈન રીઝલ્ટ આવી ગયું હોય તે પણ ફોર્મ ભરી શકશે પરંતુ અનરોલમેન્ટ સમયે ઓરીજનલ  માર્કશીટની નકલ ફરજીયાત રજૂ કરવાની રહેશે અને જેમાં પ્રવેશ લાયકાત મુજબના ગુણ હોવા જરૂરી છે.

8. પ્રવેશ માટે વિદ્યાર્થીઓ વર્તમાનપત્રમાં અથવા વેબસાઈટ પર આવેલ નોબલ યુનિવર્સિટીની જાહેરાતને આધારે યુનિવર્સિટી બી.એડ.સમિતિના કાર્યાલય ખાતે રૂબરૂ આવીને પ્રવેશનું ફોર્મ ભરવાનું રહેશે.
9. પ્રવેશ માટે આવેલ અરજીઓના અનુસંધાને સ્નાતકની ટકાવારીના આધારે મેરીટ જાહેર કરવામાં આવશે, અને મેરીટમાં અગ્રતા ધરાવતા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. જો પ્રવેશનું મેરીટ સમાન થતું હશે તો એક શિક્ષક અભિરુચિ સંશોધનિકા ભરાવવામાં આવશે અને તેમાં મેળવેલા ગુણને આધારે પ્રવેશ આપવામાં આવશે.
10. સ્વનિર્ભર સંસ્થાઓ માટે ફીનું ધોરણ સરકારશ્રી અને સરકારશ્રી દ્વારા નિયુક્ત ફી નિર્ધારણ સમિતિ જે નક્કી કરે તેને આધિન રહેશે,જે પ્રવેશપાત્રને બંધનકર્તા રહેશે.
11. કોઈપણ યુનિવર્સિટિ દ્વારા સજા પામેલા ઉમેદવાર પ્રવેશપાત્ર ગણાશે નહિ. શરતચૂકથી પ્રવેશ મેળવેલ/અપાયેલ આવા વિધાર્થીઓનો પ્રવેશ જાણ થતાંની સાથેજ રદ થશે. ઉપરાંત વિધાર્થી અથવા પ્રવેશ સમિતિની ભૂલને કારણે અપાયેલ પ્રવેશ જાણ થતાજ રદ કરશે.
12. નોબલ યુનિવર્સિટી - જૂનાગઢ બી.એડમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની રૂચી જાણવા શિક્ષક અભિરુચિ સંશોધનિકા એવી એક કસોટી લેવાનું નક્કી કર્યું છે. આ સંશોધનિકા કસોટીમાં પરિક્ષાર્થીનો પાસ કે નાપાસ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, તેનો હેતુ માત્ર તેમની બી.એડ. અથવા શિક્ષક બનવા માટેની રસ-રૂચી અને યોગ્યતા તપાસવાનો છે.
13. નોબલ યુનિવર્સિટી-જુનાગઢ સંલગ્ન બી.એડ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે સંબંધિત વિષયમાં સ્નાતક હોવું જરૂરી છે.
14. વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીના શિસ્તના નિયમો બંધનકર્તા રહેશે.
15. પ્રવેશસંબંધી કોઈ પણ પૂછપરછ માટે નોબલ યુનિવર્સિટી કાર્યાલયનો સંપર્ક કરવો. **M: 8154823076**
16. અનામતના તમામ નિયમો પ્રવેશ જાહેરાતના દિવસે અમલમાં હશે તે જ લાગુ પડશે.
17. પ્રવેશ ગુણાંક, વિષયની પસંદગી, બેઠક ફાળવણીમાં નોબલ યુનિવર્સિટી બી. એડ. પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.
18. વિદ્યાર્થીઓનું મેરીટલીસ્ટ સ્નાતકના માર્કસ અને કેટેગરી મુજબ તૈયાર થશે.
19. બી.એડ. પ્રવેશ લેનારે જૂથ -૧ માંથી કોઇ પણ એક વિષય અને જૂથ -૨ માંથી કોઇ પણ એક વિષય મળીને કુલ બે વિષય રાખવા ફરજિયાત છે. આ પૈકી કોઈ એક વિષય જે તે વિદ્યાર્થીએ સ્નાતક કક્ષાએ રાખેલ વિષય સંલગ્ન બી.એડ. પ્રવેશનો વિષય કોઈ એક જૂથમાંથી જ હશે અને બીજો વિષય તે સિવાયના જૂથમાંથી પસંદ કરવાનો રહેશે. ફરજીયાત છે.
20. જૂથ-1 **ગુજરાતી, અંગ્રેજી, ગણિત, સામાજિક, વિજ્ઞાન, નામાના મૂળતત્વો, કમ્પ્યુટર,**
21. **જૂથ: ૨ હિન્દી, સંસ્કૃત, વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, વાણિજ્ય વ્યવસ્થા,**